ILLINOIS Assessment of Readiness

**પ્રથમનામ અટક1**
જન્મ તારીખ: 08/09/2016 આઈડી: 2365646545 **ગ્રેડ: 3**
નમૂનાનું જીલ્લાનું નામ
નમૂનાનું શાળા એકનું નામ
ઈલિનોઈ

**ગ્રેડ 3 ELA** SPRING 2023

# અગ્રેજી ભાષા કળા/સાક્ષરતા મૂલ્યાંકનનો અહેવાલ, 2022–2023

3

ઈલિનોઈ લર્નિંગ સ્ટૈન્ડર્ડ હાઇસ્કૂલ પછી કૉલેજ અને કારકિર્દીની તૈયારી માટે યોગ્ય ટ્રેક પર રહેવા માટે દરેક ગ્રેડ સ્તરની આવશ્યક કુશળતા, સામગ્રીનું જ્ઞાન અને નિર્ણાયક વિચારશીલતા ક્ષમતાઓનું વર્ણન કરે છે. ઇલિનોઇ એસેસમેન્ટ ઓફ રેડીનેસ (IAR) અદાજ આપે છે કે ઇલિનોઇ લર્નિંગ સ્ટાન્ડર્ડ્સ સાથે પ્રથમનામ  કેવી રીતે સફળતાપૂર્વક ગતિશીલ રહેશે.

IL Parent Portal ની મુલાકાત લો **https://il-results.pearsonaccessnext.com** પર અને તમારા બાળકની કામગીરીના પરિણામો ઓનલાઇન જોવા માટે નીચેનાQR કોડનો ઉપયોગ કરો.
**gc2kqSXWJwcm**

## હું આ અહેવાલનો ઉપયોગ કેવી રીતે કરી શકું?

વર્તમાન શિક્ષણનું વર્ણન કરવા માટે રાજ્ય શિક્ષણ બોર્ડે IAR સ્કોર્સને પાંચ પ્રવીણતા સ્તરોમાં વિભાજિત કર્યા છે:
**તમારા શિક્ષકોને પૂછો:**

- ગ્રેડ 3 ની ભાષા કળા/સાક્ષરતામાં વિવિધ પ્રાવીણ્ય સ્તરોની લાક્ષણિકતા છે તેવા કૌશલ્યો અને વિવેચનાત્મક વિચાર ક્ષમતાઓના ઉદાહરણો માટે અથવા વધુ માહિતી માટે, મુલાકાત લો https://il.mypearsonsupport.com/reporting પર.
- આ અહેવાલ તમારા બાળકની વર્તમાન શક્તિઓ અને પડકારો વિશે શું કહે છે.
- તેઓ આ વર્ષે શું કરશે અને તમારા બાળકની પ્રગતિમાં મદદ કરવા ઘરે શું કરી શકાય?




## તમારા બાળકનો સ્કોર

પ્રથમનામ એ 2023 ની IAR માં **716** નો 3જો ગ્રેડ સ્કોર પ્રાપ્ત કર્યો. આ સ્કોર શૈક્ષણિક કુશળતા અને જ્ઞાનના વર્તમાન સ્તરો અને નવા શૈક્ષણિક કાર્યો શીખવા માટે લાગુ અરજી કરવા માટે વર્તમાન ક્ષમતાનો અદાજ આપે છે. સામાન્ય રીતે ઉચ્ચ સ્કોર ભાષા કળા/સાક્ષરતાના જ્ઞાનની એક સબળ શ્રેણી અને આ જ્ઞાનને વધુ જટિલ શૈક્ષણિક કાર્યો અને સમસ્યાઓ માટે લાગુ કરવાની વધુ ક્ષમતાને પ્રતિબિંબિત કરે છે.

એ યાદ રાખવું અગત્યનું છે કે તમારા બાળકનો IAR સ્કોર તેના વર્તમાન શિક્ષણનો **અદાજ** છે. તમારા બાળકનો સ્કોર **12.3** પોઇન્ટ જેટલો વધારે અથવા ઓછો હોઈ શકે છે. જો તે/તેણીએ  અનેકવાર ટેસ્ટ આપી હશે તો આ તમારા બાળકના સ્કોરમાં અપેક્ષિત ફેરફારના અકો છે. સ્કોર્સમાં ઓછા તફાવતનું વધુ અર્થઘટન ન કરવું જોઈએ.

એ યાદ રાખવું મહત્વપૂર્ણ છે કે ભૂતકાળનું પ્રદર્શન ભાવિ શૈક્ષણિક વિકાસ અને સફળતા નિર્ધારિત કરતું નથી. ઉચ્ચ ગુણવત્તા સાથેનું શિક્ષણ અને વિદ્યાર્થીના પ્રયત્નો અને સંલગ્નતા ભવિષ્યના પ્રદર્શનને નિર્ધારિત કરવામાં મદદ કરે છે.

અનુમાનિત Lexile® માપ: **610L** અને રેન્જ: **510L- 660L**
તમારા વિદ્યાર્થીના વાંચન કૌશલ્યને તેમના સ્તર માટે યોગ્ય પુસ્તકો સાથે મેળ કરવા માટે **www.lexile.com** પર અનુમાનિત Lexile રેન્જ દાખલ કરો.

## વિદ્યાર્થી વૃદ્ધિ ટકાવારી

આ વર્ષે વિદ્યાર્થી વૃદ્ધિ ટકાવારી ગણતરી કરવા માટે તમારા બાળક અથવા તેના અથવા તેણીના શૈક્ષણિક સાથીદારો વિશે અપૂરતી માહિતી હતી. પ્રથમ વર્ષ ઈલિનોઈમાં વિદ્યાર્થી પરીક્ષણ કરે છે તે તેનું બેઝલાઇન વર્ષ છે.

# વાંચન અને લેખનની તત્પરતાના પાંચ વિસ્તારોમાં બારીકાઇભર્યું અવલોકન

કૉલેજ અને કારકિર્દીની યોગ્ય તૈયારી કરવા માટે, વિદ્યાર્થીઓએ કુશળતા, સામગ્રીનું જ્ઞાન અને નિર્ણાયક-વિચારશીલતાઓની વિશાળ શ્રેણીને દરેક ગ્રેડ સ્તરે શીખવાની જરૂર છે. ઘણીવાર, તે અલગ-અલગ દરે વિકસિત થાય છે કારણકે તેમાં વ્યક્તિગત શિક્ષકો અને શાળાઓના અભ્યાસક્રમની પ્રાથમિકતામાં તફાવત, વિદ્યાર્થીઓના રસ-રૂચી અને શાળા બહારના અનુભવોમાં તફાવત તેમજ અન્ય ઘણા પરિબળો અસર કરે છે.

દરેક ક્ષેત્રની શ્રેણીઓના **H-ઉચ્ચ**, **M-મધ્યમ**, અથવા **L-નીચલા** સ્તરે તમારા બાળકની કામગીરી મુકીને IAR વાંચન અને લેખનના પાંચ ક્ષેત્રોમાં વિદ્યાર્થીની તૈયારીનું વર્ણન કરે છે. નિર્ણાયક સામગ્રીના કાર્યક્ષેત્રમાં તમારા બાળકની કામગીરીને જાણવાથી તમને તમારા બાળકના ભવિષ્યના શૈક્ષણિક વિકાસને સમર્થન આપવા માટે તેના શિક્ષકો સાથે વધુ અસરકારક વાતચીત કરવા સક્ષમ બનાવે છે.

**H** — **ઉચ્ચ** સ્તરની તૈયારીના અદાજ માટે તમારા બાળકના શિક્ષક(કો)ને પૂછો કે કેવી રીતે તમારા બાળકને શાળા અને ઘર બંનેમાં વધુ મજબૂતાઇ પ્રાપ્ત કરવા માટે પડકારી શકાય.

**M** — **મધ્યમ** સ્તરની તત્પરતાના અદાજ માટે, તમારા શિક્ષક(કો)ને પૂછો કે શાળામાં કામ દ્વારા અને ઘરની પ્રવૃત્તિઓ દ્વારા તમારા બાળકને આ ક્ષેત્રમાં આગળ વધવામાં કેવી રીતે મદદ કરી શકાય.

**L** — **નીચલા** સ્તરની તૈયારીના અદાજ માટે તમારા બાળકના શિક્ષક(કો)ને વધારાના સમર્થન માટે કહો અને તમારા બાળકને શાળામાં ગ્રેડ-સ્તરની અપેક્ષાઓ પૂરી કરવા અને તમારા બાળકને ટેકો આપવા માટે ઘરે સહાય કરવા માટે કયા સ્રોતો ઉપલબ્ધ છે તે અગે પણ પૂછો.

### આ પાંચ ક્ષેત્રોમાં તૈયાર થયેલા વિદ્યાર્થીઓ સફળતાપૂર્વક કરે છે:

**M** **સાહિત્યિક લખાણ**

કાલ્પનિક કથાઓ, નાટક અને કવિતાનું વાંચન અને વિશ્લેષણ

**L** **માહિતીપ્રદ લખાણ**

બિન-કાલ્પનિક લખાણ, ઈતિહાસ, વિજ્ઞાન અને કલાઓનું વાંચન અને વિશ્લેષણ

**L** **શબ્દાવલી**

શબ્દોનો શું અર્થ થાય છે તે નિર્ધારિત કરવા માટે અનુભવ, સંદર્ભ અને વિશ્લેષણનો ઉપયોગ કરવો

**L** **લેખિત અભિવ્યક્તિ**

વિદ્યાર્થીઓએ જે વાંચ્યું છે તેમાંથી સારી રીતે વિકસિત લખાણ તૈયાર કરવું

**M** **ભાષાની પરંપરા અને પ્રથાઓનું જ્ઞાન અને ઉપયોગ**

માનક અગ્રેજીના નિયમોનો ઉપયોગ કરીને લખાણ તૈયાર કરવું

### એકંદરે વાંચન




*** તમારા બાળકનો સ્કોર 10 થી 90 ના માપદંડ પર 40 હતો**

### એકંદરે લેખન




*** તમારા બાળકનો સ્કોર 10 થી 60 ના માપદંડ પર 21 હતો**